ઘોડબંદર રોડ પરના ગાયમુખથી કોસ્ટલ રોડ સીધી રીતે ગાયમુખ-ફાઉન્ટન હૉટેલ ટનલથી કનેક્ટ થશે. આ રોડ બનવાથી થાણે-ભાયંદર વચ્ચે સરળતાથી વાહનોની અવરજવર થઈ શકશે. આ પ્રોજેક્ટથી ઘોડબંદર રોડ પરની ટ્રાફિક સમસ્યા હળવી થવાની સાથે થાણેમાં વાહનોની અવરજવરમાં ધરમૂળથી સુધારો થશે. એટલું જ નહીં, નવા બંધાઈ રહેલા વાઢવણ પોર્ટ, જેએનપીટી, દક્ષિણ મહારાષ્ટ્ર અને કર્ણાટક તરફની ભારે વાહનોની અવરજવરના સુધારો થશે.

થાણે કોસ્ટલ રોડ કૉરીડોર સાથે ભવિષ્યના થાણે રિંગ રોડ મેટ્રો, થાણે કોસ્ટલ રોડ-૨, સાકેત-આમને એલિવેટટેડ કૉરીડોર અને કાસારવડવલી-ખારભાવ રોડ કનેક્ટ કરવામાં આવશે.

# વાહનોનું વેચાણ જાન્યુઆરીમાં ૨૩ ટકા વધ્યું

## કુલ ૨૩.૮૦ લાખ વાહનોનું વેચાણ

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૧૩ : સોસાયટી ઑફ ઈન્ડિયન ઑટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ (સિયામ : એસઆઈએએમ)ના રિપોર્ટ મુજબ જાન્યુઆરી ૨૦૨૬માં વાહનોનું કુલ વેચાણ ૨૩ ટકા વધીને ૨૩,૮૦,૭૨૨ એકમ જેટલું થયું છે, જે જાન્યુઆરી ૨૦૨૫માં ૧૯,૩૫,૬૯૬ યુનિટ જેટલું થયું હતું.

સિયામના રિપોર્ટ મુજબ પેસેન્જર વાહનોનું સ્થાનિક વેચાણ ૩,૫૧,૩૧૦ એકમથી ૮ ટકા વધીને ૩,૭૯,૩૯૪ યુનિટનું થયું છે. પેસેન્જર કારનું સ્થાનિક વેચાણ ૧,૨૭,૦૬૫ એકમથી પાંચ ટકા ઘટીને ૧,૨૦,૬૩૬ યુનિટનું થયું છે. યુટિલિટી વાહનોનું વેચાણ ૨,૧૨,૯૯૫ એકમથી ૧૬ ટકા વધીને ૨,૪૬,૮૪૪ યુનિટ અને વૅનનું વેચાણ ૧૧,૨૫૦ એકમથી ૬ ટકા વધીને ૧૧,૯૧૪ યુનિટ જેટલું થયું છે.

સિયામના રિપોર્ટ મુજબ થ્રી-વ્હીલરનું સ્થાનિક વેચાણ ૫૮,૧૬૭ એકમથી ૩૦ ટકા વધીને ૭૫,૭૨૫ યુનિટ થયું છે. પેસેન્જર કૅરિયરનું વેચાણ ૪૬,૬૭૪ એકમથી ૩૦.૫૦ ટકા વધીને ૬૦,૮૮૧ યુનિટ અને ગુડઝ કૅરિયરનું વેચાણ ૧૦,૦૨૯ એકમથી ૩૩.૫૦ ટકા વધીને ૧૩,૩૭૪ યુનિટનું થયું છે.

### ટુ-વ્હીલરના વેચાણમાં ૨૬ ટકાની વૃદ્ધિ

સિયામના રિપોર્ટ મુજબ જાન્યુઆરી ૨૦૨૬માં ટુ-વ્હીલરનું સ્થાનિક વેચાણ ૧૫,૨૬,૨૧૮ એકમથી ૨૬ ટકા વધીને ૧૯,૨૫,૬૦૩ યુનિટ જેટલું થયું છે.

સ્કૂટરનું વેચાણ ૫,૪૮,૨૦૧ એકમથી ૩૭ ટકા વધીને ૭,૫૦,૫૮૦ યુનિટ, મોટરસાઈકલનું ૯,૩૬,૧૪૫ એકમથી ૨૦.૫૦ ટકા વધીને ૧૧,૨૬,૪૧૬ યુનિટ અને મોપેડનું વેચાણ ૪૧,૮૭૨ એકમથી ૧૬ ટકા વધીને ૪૮,૬૦૭ યુનિટનું થયું છે.

# પોતાની જમીનનો લાભ મેળવવા ખેડૂતે ૪૦ વર્ષ રાહ જોવી પડી

નવી મુંબઈ, તા. ૧૩ : રાયગઢ જિલ્લાના દાપોલીના એક ખેડૂતે ૧૯૮૬માં તેમની જમીન સંપાદિત થયા પછી સિડકોની ૧૨.૫ ટકા વિકસિત જમીન યોજનાનો લાભ લેવા માટે લગભગ ૪૦ વર્ષ રાહ જોવી પડી હતી, કારણ કે સંપાદન સંબંધિત સરકારી દસ્તાવેજો ગુમ થઈ ગયા હતા.


ચેતન કાંતિ કુડવડકર પાસે દાપોલીમાં જમીન સંપાદિત હતી અને તે ૧૯૮૬માં સંપાદિત કરવામાં આવી હતી. સંપાદન સંદર્ભે એવૉર્ડની નકલ ઉપલબ્ધ ન હોવાથી તેમને વિકસિત જમીન મળી નહતી. તેમણે રાજ્ય સરકાર અને અન્ય લોકો સામે બૉમ્બે હાઈ કોર્ટમાં રિટ અરજી દાખલ કરી હતી.

સરકાર વતી ડેપ્યુટી કલેક્ટર (જમીન સંપાદન)ની કચેરીએ સોગંદામામાં સ્વીકાર્યું હતું કે એવૉર્ડની મૂળનકલ ઑફિસમાં ઉપલબ્ધ નથી.

તેમાં કહેવામાં આવ્યું કે જૂના દસ્તાવેજો બૉક્સમાં રાખવામાં આવ્યા હતા અને કૉર્ટના આદેશ દ્વારા બૉક્સ જપ્ત કર્યા પછી કાગળો જમીન પર પડ્યા હતા. ન્યાયાધીશ મનીષ પીટાલે અને શ્રીરામ શિરસતની બનેલી હાઈ કૉર્ટની બેન્ચે નિર્ણય આપતી વખતે સરકારી કચેરીને એવૉર્ડ પુનઃ સ્થાપિત કરવાનો આદેશ આપ્યો હતો અને નોંધ્યું હતું કે તે મહારાષ્ટ્ર પબ્લિક રેકૉર્ડ્સ ઍક્ટ ૨૦૦૫નું ઉલ્લંઘન છે. તેણે સિડકોને અન્ય દસ્તાવેજી પુરાવાના આધારે કુડવડકરની અરજીનો નિકાલ ૬ સપ્તાહમાં કરવાનો આદેશ આપ્યો હતો.

# રાજ્ય સરકાર ઉચ્ચ શિક્ષણ વિભાગ માટે એઆઈની માળખાકીય સુવિધા ખરીદશે

મુંબઈ, તા. ૧૩ (પીટીઆઈ): નેશનલ એજ્યુકેશન પોલિસી (એનઈપી) ૨૦૨૦ હેઠળ રાજ્યનાં ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ વિભાગમાં ડેટા એનાલિટિક્સ અને ડેશબોર્ડ પ્રણાલિને મજબૂત બનાવવા માટે મહારાષ્ટ્ર સરકારે શુક્રવારે આર્ટિફિશિયલ ઈન્ટલિજન્સ (એઆઇ)નું માળખું તૈયાર કરવા માટે જરૂરી ખરીદીની વહિવટી પરવાનગી આપી હતી.



શિક્ષણ વિભાગે સરકારી ઠરાવ રજૂ કરતા જણાવ્યું હતું કે ઉચ્ચ અને તક્નીકી શિક્ષણ વિભાગનાં વધારાના મુખ્ય સચિવના અધ્યક્ષસ્થાને ગુરુવારે યોજાયેલી પ્રોજેક્ટ અમલીકરણ સમિતિની બેઠકમાં આ દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. એઆઈની માળખાકીય સુવિધાઓની ખરીદી માટે રાજ્ય સરકારે વાર્ષિક ૨૨ લાખ રૂપિયાના ખર્ચને મંજૂરી આપી છે. આ ખરીદી જીઈએમ પોર્ટલ (ગવર્મેન્ટ ઇ-માર્કેટપ્લેસ) મારફતે સરકારી નિયમો પ્રમાણે ઇ-ટેન્ડર દ્વારા ખરીદવામાં આવશે.

સરકારી ઠરાવમાં જણાવાયું છે કે વિભાગે પોતાના ડેશબોર્ડને મજબૂત બનાવવા માટે સલાહકાર તરીકે અર્નસ્ટ એન યંગ કંપનીને નિયુક્ત કરી છે. લાંબા ગાળાના વ્યહરચનાત્મક સુધારા માટે સરકારે બનાવેલા ૧૫૦ દિવસના એક્શનપ્લાન અંતર્ગત આ કંપની સરકારી ખાતાને એઆઇ માળખા સાથે જોડવા અને ડેશબોર્ડ મજબૂત કરવામાં મદદ કરશે. વળી એનાલિટિક્સ સેલ પણ ઊભી કરવામાં આવશે.

# મિનારા મસ્જિદને રૂા. ૭૦ લાખના મિલકત વેરાની નોટિસ

મુંબઈ, તા. ૧૩ : પાલિકાએ મોહમદ અલી રોડ પર આવેલી મિનારા મસ્જિદને ૨૦૧૯થી બાકી રહેલા રૂપિયા ૭૦ લાખનો મિલકત વેરો વસૂલવા માટે નોટિસ મોકલી છે. નોટિસમાં આ આદેશનું પાલન ન કરવાના કિસ્સામાં પાણીપુરવઠો બંધ કરવાની ચેતવણી આપી છે, ત્યારે મસ્જિદનું સંચાલન કરતાં ટ્રસ્ટનો દાવો છે કે કર ગણતરી ભૂલભરેલી છે અને તે મિલકતના વ્યાપારી એકમ તરીકેના મૂલ્યાંકન પર આધારિત છે. ટ્રસ્ટે જણાવ્યું હતું કે મસ્જિદના ચોથા માળે એક મદરેસા અને પાંચમા માળે એક ખુલ્લા ટેરેસને વ્યાપારી વિસ્તારો તરીકે વિભાજિત કરવામાં આવ્યા છે.

મિનારા મસ્જિદ ૧૮૭૯થી એક ટ્રસ્ટના સંચાલન હેઠળ મોહમદ અલી રોડ પર એક પ્રતિષ્ઠિત ૧૬૦ વર્ષ જૂનું સિમાચિહ્ન છે. ટ્રસ્ટના અધિકારીઓના જણાવ્યા અનુસાર ગેરકાયદેસર કબજેદારની ફરિયાદ બાદ આ નોટિસ મોકલવામાં આવી છે. ટ્રસ્ટે જણાવ્યું હતું કે, મસ્જિદનો પાણીપુરવઠો બંધ કરવાના કોઈ પણ પગલાંથી રમઝાન સમયગાળા દરમિયાન મદરેસાના ભક્તો અને વિદ્યાર્થીઓને અસર થશે.

# મીરા રોડમાં ફેરિયાઓનો પાલિકા કર્મચારી પર હુમલો

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૧૩ : મીરા રોડ અને ભાયંદરમાં ગેરકાયદે ફેરિયા સામેની ફરિયાદ વધતાં પાલિકા પ્રશાસને કાર્યવાહી શરૂ કરી છે. બુધવારે મીરા રોડમાં કાર્યવાહી કરી રહેલા પાલિકાના કર્મચારી પર ગેરકાયદે ફેરિયાઓએ હુમલો કરવાની ઘટના બની હતી. આ બનાવના વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. ચોંકાવનારી વાત એ છે કે આક્રમક બનેલા ફેરિયાઓ સામે પોલીસે હજી સુધી કોઈ ફરિયાદ નથી લીધી.

પાલિકાની ટીમ મીરા રોડના રામદેવ પાર્ક, કાશીનગર, ઈન્દ્રલોક અને દીપક હૉસ્પિટલ પરિસરમાં કાર્યવાહી કરવા પહોંચી હતી ત્યારે અહીં રસ્તામાં બેસી સામાન વેચતા ગેરકાયદે ફેરિયા આક્રમક થયા હતા.

# અંધેરી સબવે પર ફ્લાયઓવર બાંધવાનો નિર્ણય



મુંબઈ, તા. ૧૩ : ચોમાસામાં અંધેરી સબવેમાં પાણી ભરાઈ જવું અને એને લીધે સર્જાતી વાહનવ્યવહારની સમસ્યા હંમેશની છે. પાલિકાએ હવે આ સમસ્યાનો કાયમી નીવેડો લાવવા સબવે પર ફ્લાયઓવર બાંધવાનું નક્કી કર્યું છે. જોકે, ફ્લાયઓવર બાંધવો વ્યવહારુ રહેશે કે, એ તપાસવા માટે સલાહકારની નિમણૂક કરી છે. સલાહકાર ત્રણ મહિનામાં અહેવાલ રજૂ કરશે.

અંધેરીના સબવેની નજીક મોગરા નાળું વહે છે. નાળાના ઉગમ સ્થળથી અંધેરી સબવે વચ્ચે ફક્ત અઢી કિ.મી.નું અંતર છે. ઉગમસ્થળથી સબવે તરફ આવતી વખતે ૧૩ મીટરનો ઢોળાવ છે. તેથી પાણીનો પ્રવાહ જોરથી આવે છે. ભરતી વખતે મોગરા નાળાના પાણીનું સ્તર વધી જાય છે અને તેની નજીક આવેલા અંધેરી સબવે, દાઉદ બાગ અને આઝાદનગર વિસ્તારમાં પૂર જેવી સ્થિતિ ઉદ્ભવે છે. પરિણામે સબવેમાં વાહનવ્યવહાર પૂર્ણપણે અટકી જાય છે.

આથી અંધેરી સબવે પરથી જ ફ્લાયઓવર બાંધવાનું પાલિકાએ નક્કી કર્યું છે. પરંતુ એ કેટલો વ્યવહારુ હશે એ ચકાસવામાં આવશે. સબવે પરથી પુલ બની શકે કે, તેની લંબાઈ કેટલી હોવી જોઈએ, તેનું બાંધકામ કરતી વખતે આવનારી મુશ્કેલીઓ, ખર્ચ, પુલનો ફાયદો, રેલવે પ્રશાસન સહિત વિવિધ પરવાનગી વગેરેનો અભ્યાસ કરી અહેવાલ તૈયાર કરવામાં આવશે.


BANCO

**BANCO PRODUCTS (I) LIMITED**

**Regd. Office :** Bil, Near Bhaili Rly. Station, Padra Road, Dist. Vadodara - 391 410. Tel. No.: (0265) 2318226

**CIN NO:- L51100GJ1961PLC001039,** Website :- www.bancoindia.com, E-mail:- investor@bancoindia.com

**EXTRACT OF STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED 31ST DECEMBER 2025**

(Rs. in Lakhs)

| Particulars | Standalone | | | | | | Consolidated | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Quarter ended 31.12.2025 (Unaudited) | Quarter ended 30.09.2025 (Unaudited) | Quarter ended 31.12.2024 (Unaudited) | Nice Months ended 31.12.2025 (Unaudited) | Nine Months ended 31.12.2024 (Unaudited) | Previous Year ended 31.03.2025 (Audited) | Quarter ended 31.12.2025 (Unaudited) | Quarter ended 30.09.2025 (Unaudited) | Quarter ended 31.12.2024 (Unaudited) | Nine Months ended 31.12.2025 (Unaudited) | Nine Months ended 31.12.2024 (Unaudited) | Previous Year ended 31.03.2025 (Audited) |
| Total income from Operations | 30,559 | 39,664 | 29,238 | 101,461 | 83,874 | 124,902 | 79,864 | 109,672 | 64,434 | 287,921 | 236,210 | 325,554 |
| Net profit /(loss) for the period (before tax, exceptional and/or extra ordinary items) | 4,147 | 14,926 | 7,102 | 25,445 | 15,920 | 31,121 | 10,084 | 17,470 | 3,894 | 43,979 | 34,454 | 53,421 |
| Net profit /(loss) for the period before tax (after exceptional and/or extra ordinary items) | 4,147 | 14,926 | 7,102 | 25,445 | 15,920 | 31,121 | 11,899 | 17,470 | 3,894 | 45,794 | 34,454 | 53,421 |
| Net profit /(loss) for the period after tax (after exceptional and/or extra ordinary items) | 3,129 | 13,777 | 6,320 | 21,696 | 12,893 | 26,626 | 8,583 | 13,890 | 3,093 | 33,425 | 23,830 | 39,180 |
| Total Comprehensive Income for the period (Comprising Profit/(Loss) for ther period (after tax) and Other Comprehensive Income (after tax) | 3,129 | 13,777 | 6,320 | 21,696 | 12,893 | 26,570 | 10,234 | 16,755 | 3,917 | 43,395 | 26,140 | 40,867 |
| Equity Share Capital | 2,861 | 2,861 | 2,861 | 2,861 | 2,861 | 2,861 | 2,861 | 2,861 | 2,861 | 2,861 | 2,861 | 2,861 |
| Reserves (excluding Revaluation Reserve as shown in the Audited Balance Sheet of previous year). | Rs.82,144/-Lakhs as on 31st March 2025 | | | | | | Rs.1,27,368/- Lakhs as on 31st March 2025 | | | | | |
| Earning per share (of Rs. 2 /- each) (for continuing and discontinuing operations)- | | | | | | | | | | | | |
| Basic and Diluted Earning per Share (before Exceptional items) | 2.19 | 9.63 | 4.42 | 15.17 | 9.01 | 18.61 | 4.73 | 9.71 | 2.16 | 22.10 | 16.66 | 27.39 |
| Basic and Diluted Earning per Share (after Exceptional items) | 2.19 | 9.63 | 4.42 | 15.17 | 9.01 | 18.61 | 6.00 | 9.71 | 2.16 | 23.37 | 16.66 | 27.39 |

**Notes :** (1) The above is an extract of the detailed format of the Unaudited Financial Results of the Company for the Quarter and Nine Months ended 31st December,2025 filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarter and Nine Months ended on 31st December, 2025 are available on the website of BSE Limited at www.bseindia.com, National Stock Exchange of India Limited at www.nseindia.com and on the website of the Company at www.bancoindia.com.

Place : Vadodara
Date : 12.02.2026

For Banco Products (India) Limited
**(Mehul K. Patel)**
Chairman

## શૅરબજારમાં કમાણી સૌની

- **સીજી પાવર ઍન્ડ ઈન્ડસ્ટ્રિયલ સોલ્યુશન્સને** અમેરિકા તરફથી એક મુખ્ય ડેટા સેન્ટર પ્રોજેક્ટ માટે રૂા. ૯૦૦ કરોડનો ટ્રાન્સફોર્મર ઓર્ડર મળ્યો, જે એક મહત્ત્વપૂર્ણ વૈશ્વિક પ્રવેશ દર્શાવે છે. આ શૅરને ટ્રેક કરતાં રહો.
- **અનંત રાજે** ત્રીજા ત્રિમાસિકમાં રૂા. ૬૪૨ કરોડનું વેચાણ કર્યું છે, જે વાર્ષિક ધોરણે ૨૦ ટકાથી વધુ છે, ઈબીટીડા ૨૭ ટકાથી વધુ વધીને રૂા. ૧૭૦ કરોડ અને ચોખ્ખો નફો ૩૧ ટકાથી વધુ વધીને રૂા. ૧૪૪ કરોડ થયો છે. કંપનીએ મજબૂત વૃદ્ધિ નોંધાવવા સાથે નફાગાળો પણ વિસ્તર્યો છે અને અમલીકરણમાં સ્થિરતા છે. આ સેરને રડાર પર રાખો.
- **ક્યુપિડ લિ.**એ ૨૫૦થી વધુ સ્ટોર્સ સુધી પહોંચવા માટે બાઝાર સ્ટાઈલ રિટેલમાં રૂા. ૩૩૧.૫૩ કરોડનું રોકાણ કર્યું; નાણાં વર્ષ ૨૦૨૭માં આવક રૂા. ૧૫૦ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. ત્રણ વર્ષમાં વાર્ષિક રૂા. ૫૦૦ કરોડ સુધી પહોંચવાનું લક્ષ્ય છે.
- **સુપ્રીમ પાવર ઈક્વિપમેન્ટને** કર્ણાટકની ઈપીસી કંપની પાસેથી છ ૨૦ એમવીએ પાવર ટ્રાન્સફોર્મર્સ માટે રૂા. ૧૫.૩૫ કરોડનો ઓર્ડર મળ્યો.
- **આશાપુરી ગોલ્ડ ઓર્નામેન્ટને** આઈઆઈજેએસ ભારત સિગ્નેચર ૨૦૨૬માં પ્રાદેશિક અને રાષ્ટ્રીય જ્વેલરી ઓર્ડરમાંથી રૂા. ૨૯ કરોડનો ખરીદી ઓર્ડર મળ્યો. ૬૦ દિવસમાં તેનો અમલ થશે.
- **ચંદન હેલ્થકેરે** પંજાબ હેલ્થ સિસ્ટમ્સ કોર્પ. પાસેથી પંજાબની જિલ્લા હૉસ્પિટલોમાં લગભગ રૂા. ૨૬ કરોડનો ૧૦ વર્ષનો પીપીપી રેડિયોલૉજી પ્રોજેક્ટ હાંસલ કર્યો છે.
- **પટેલ રિટેલને** રૂા. ૨૫ કરોડનો નિકાસ ઓર્ડર મળ્યો અને ઉપનગરીય મુંબઈમાં તેનો ૪૯થી વધુ સ્ટોર ખોલ્યા છે.

**www.moneytimes.in**

# બે દિવસમાં ઇન્વેસ્ટરોના ₹ ૧૦ લાખ કરોડ સ્વાહા

## સેન્સેક્સ નવ દિવસમાં ૩૦૦૦ પૉઇન્ટ્સ ઘટ્યો, હિન્દુસ્તાન લીવરનો મોળો દેખાવ, બજાજ ફાઇનાન્સમાં સુધારો આગળ વધ્યો

**વ્યાપાર ટીમ**


મુંબઈ, તા. ૧૩ ફેબ્રુઆરી

શુક્રવારે ઘટાડાનો રેલો આઈટી શૅરોની સાથે-સાથે અન્ય જાતોમાં પણ પ્રસરતાં બજારમાં ઘટાડો અટકવાનું નામ લેતો નથી. રોકાણકારોની મૂડીમાં બે દિવસમાં રૂા. દસ લાખ કરોડનું ધોવાણ થઈ ગયું હતું. સેન્સેક્સ ૧૦૪૮ પૉઈન્ટ્સના ગાબડાએ સવા ટકો તૂટીને ૮૨,૬૨૬ પર આવી ગયો હતો. નિફ્ટી પણ ૧.૩૦ ટકા ઘટીને ૨૫,૪૭૧ બંધ હતો. આઈટી ઈન્ડેક્સ તો શુક્રવારના પોણાબે ટકાના ઘટાડા સહિત એક સપ્તાહમાં આઠ ટકા તૂટીને ૩૨,૬૮૧ થયો હતો. એક મહિનામાં આ ઈન્ડેક્સ ૧૪.૫૩ ટકા અને એક વર્ષમાં ૨૦.૯૦ ટકા નીચે આવી ગયો છે. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૪૫ ઘટીને બંધ રહ્યા, તેમાં હિન્દાલ્કો છ ટકાના નુકસાને ૯૦૫ થયો હતો. ચીનનાં બજારો આગામી સપ્તાહે બંધ રહેવાના હિસાબે મેટલ શૅરો નરમ હતા. તાતા સ્ટીલ પણ અઢી ટકા ઘટી રૂા. ૨૦૨ના સ્તરે આવી ગયો હતો. હિન્દુસ્તાન યુનિલીવરનો ત્રીજા ત્રિમાસિકનો નફો ઓછો આવતાં અને એનાલિસ્ટોના અંદાજ મુજબનું રિઝલ્ટ ન આવતાં ૪.૩૪ ટકા ઘટીને રૂા. ૨૩૦૫ બંધ હતો. નિફ્ટી લુઝર્સમાં ત્રીજા ક્રમાંકે ઇટર્નલ ૪.૩૦ ટકાના લોસે રૂા. ૨૮૫, ચોથા ક્રમાંકે રૂા. ૩.૮૩ ટકા ડાઇન થઈ અદાણી એન્ટરપ્રાઇસ રૂા. ૨૧૨૭ અને ૫મા સ્થાને



**મુંબઈ શૅરબજાર**

સવાત્રણ ટકા ઘટી રૂા. ૨૬૭ બંધ રહેનાર ઓએનજીસી હતા. સામે પક્ષે સુધરવામાં બજાજ ફાઈનાન્સ ત્રણ ટકા વધી રૂ. ૧૦૩૦, આઈશર મોટર દોઢ ટકો સુધરી રૂા. ૮૦૬૭, એસબીઆઈ લાઈફ ૦.૮૪ ટકા સુધરી રૂા. ૨૦૩૯ અને એસબીઆઈ ૦.૩૩ ટકાના ગેઈને રૂા. ૧૧૯૬ બંધ હતા. ઈન્ફોર્મેશન ટેક્નૉલૉજી શૅરોમાં વેચવાલી ચાલુ જ હતી. સેન્સેક્સ અને નિફ્ટી લગભગ એકએક ટકો ઘટ્યા હતા. એક સપ્તાહમાં આઈટી ઈન્ડેક્સ અંદાજે આઠ ટકા ઘટ્યો હતો. આ સેક્ટોરલ ઈન્ડેક્સનો આ એક વર્ષનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો હતો. પાંચ ટ્રેડિંગ સત્રોમાં લગભગ તમામ સેક્ટરોમાં-કરેક્શન વ્યાપી જતાં માર્કેટ કેપિટલાઇઝેશનમાં લગભગ રૂા. ૩ લાખ કરોડનું ધોવાણ થયું હતું. હિન્દુસ્તાન ઍરોનોટિક્સમાં ભારત ફ્રાન્સ વચ્ચે રફાલનો સોદો આગળ વધવાની હૂંફે ભાવ સવાટકો વધીને રૂા. ૪૨૧૨ના સ્તરે




વિરમ્યો હતો. રિલાયન્સ ત્રીસ રૂપિયા ઉતરી ૧૪૧૮ બંધ હતો. નિફ્ટીના ટોચના છ શૅરોમાંથી પાંચ સાપ્તાહિક ધોરણે ઘટ્યા તેમાં ઇન્ફોસિસ, એચસીએલ ટેક્નૉલૉજિસ, તાતા કન્સલ્ટન્સી સર્વિસીસ, વિપ્રો અને ટેક મહિન્દ્રાનો સમાવેશ થાય છે. તેનાથી વિપરીત, સપ્તાહ દરમિયાન સંરક્ષણ અને પીએસયુ બૅન્કોના શૅરો સારો દેખાવ કરી અંદાજે ચાર ટકાના વીકલી ગેઈન સાથે વિરમ્યા હતા.

**ફાઈનાન્સિયલ્સ સાપ્તાહિક ગેઈનર્સ, આઈટી લુઝર્સ**

સાપ્તાહિક ધોરણે નિફ્ટી ૦.૮૭, નિફ્ટી મિડકેપ સિલેક્ટ ૦.૧૨ અને નિફ્ટી નેક્સ્ટ ફિફ્ટી ૦.૩૪ ટકા ઘટીને બંધ રહ્યા તેની સામે બેન્ક નિફ્ટીમાં ૦.૧૧ ટકાનો અને નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસીસમાં ૧.૧૫ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. શુક્રવારે ત્રણેક ટકા સુધરનારો બજાજ ફાઈનાન્સ એક સપ્તાહમાં ૪.૯૨ ટકા વધ્યો છે. જોકે બૅન્કિંગ-ફાઈનાન્સનો સ્ટાર પર્ફોર્મર તો સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા ૧૨.૧૮ ટકાના સાપ્તાહિક સુધારા સાથે રૂા. ૧૧૯૬ બોલાતો હતો. આઈટીના કાંગરા ખર્યા તેમાં કોફોર્જે દૈનિક ૪.૪૦ ટકા સહિતના સમીક્ષા હેઠળના સપ્તાહમાં ૧૨ ટકાના નુકસાને રૂા. ૧૩૫૮ બંધ આપ્યું હતું. નિફ્ટી આઈટી ઈન્ડેક્સના સાત શૅરોએ એક અઠવાડિયામાં છથી નવ ટકાનાં ગાબડાં જોયાં તેમાં નવ ટકા સાથે ઈન્ફોસીસ શિરમોર હતો. મિડકેપ શૅર કેપીઆઈટી ટેક્નૉલૉજીસ દૈનિક ૩.૫૦ અને સાપ્તાહિક ૧૦.૨૪ ટકાના ઘસરકાએ રૂા. ૮૬૦ થઈ ગયો હતો. ઑઈલ ઈન્ડિયામાં ગુરુવારનો સુધારો શુક્રવારે ધોવાઈ જતાં ભાવ ૪.૨૦ ટકા તૂટી રૂ. ૪૫૪ થઇ ગયો હતો. રશિયા મોળુ પડી યુએસ સાથે મંત્રણા કરવાની હવાએ આ ધોવાણ જોવાયું હતું. સપ્તાહ દરમિયાન શાઈન થયેલા મિડકૅપ્સમાં ભારત ફોર્જ ૧૧.૪૦ ટકાના સાપ્તાહિક ગેઈને રૂા. ૧૭૩૫, કલ્યાણ જ્વેલર્સ ૯.૯૦ ટકા વધી રૂા. ૪૧૭, ઝી સાડાસાત ટકા સુધરી રૂા. ૯૫.૯૯, પૂનાવાલા ફિનકોર્પ ૭ ટકા વધી રૂા. ૪૬૨ અને એસ્ટ્રલ પોણાનવ ટકાના ગેઈને રૂા. ૧૬૦૧ બંધ હતા.

**ઈન્વેસ્ટરોની ₹ સાત લાખ કરોડની બાદબાકી**

બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૬૫.૪૬ (૪૭૨.૪૯) લાખ કરોડ થઈ ગયું હતું. એનએસઈ લિસ્ટેડ શૅરોનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂા. ૪૬૩.૬૫ (૪૭૦.૭૩) લાખ કરોડ થયું હતું.

**બજારની બાજી લૂઝર શૅરોના હાથમાં સરકી**

બીએસઈના ૪૩૬૪ (૪૩૬૮) ટ્રેડેડ શૅરોમાંથી ૧૨૫૩ (૧૬૩૪)ના ભાવમાં સુધારો, ૨૯૬૦ (૨૫૮૨)માં ઘટાડો અને ૧૫૧ (૧૫૨)માં યથાવત સ્થિતિ હતી. એનએસઈમાં કુલ ૩૨૪૮ (૩૨૫૬)માંથી ૭૬૨ (૧૧૫૧) ઍડવાન્સિંગ, ૨૩૮૭ (૨૦૦૭) ડિક્લાઈનિંગ અને ૯૯ (૯૮) શૅરો અનચેન્જ્ડ હતા. બીએસઈમાં ૮૩ (૧૪૦) જાતો બાવન સપ્તાહની નવી ઊંચાઈએ પહોંચી હતી તો સામે ૧૯૩ (૧૧૧) જાતો આવા લો પર આવી ગઈ હતી. એનએસઈમાં આ પ્રમાણ અનુક્રમે ૪૪ (૭૭) અને ૧૩૧ (૭૭)નું હતું. સર્કિટોનું સ્ટેટીસ્ટીક્સ જોઈએ તો એનએસઈમાં ૬૬ (૭૧) શૅરો ઉપલી સર્કિટે અને ૭૦ (૫૧) શૅરો નીચલી સર્કિટે હતા.

**મુખ્ય સૂચકાંકોના રેસિસ્ટન્સ અને સપોર્ટ લેવલો**

**સેન્સેક્સ** ૮૪૧૦૦, ૮૪૫૦૦, ૮૫૮૭૫

૮૨૫૦૦, ૮૧૭૩૨ અને ૭૯૮૯૯

**નિફ્ટી** ૨૫૯૦૦, ૨૬૦૧૦, ૨૬૩૫૦ અને ૨૬૩૭૪

૨૫૪૪૦, ૨૪૯૦૦ અને ૨૪૫૫૦

**બૅન્ક નિફ્ટી** ૬૦૯૦૦, ૬૧૭૬૫

૬૦૦૦૦, ૫૯૬૪૪, ૫૮૬૮૭ અને ૫૭૭૦૦

**નિફ્ટી આઈટી** ૩૨૯૦૦, ૩૪૫૦૦, ૩૫૧૦૦, ૩૫૯૦૦

૩૧૪૦૦ અને ૩૦૯૦૦

## એચયુએલનો ચોખ્ખો નફો બમણા કરતાં અધિક વધી ₹ ૬૬૦૭ કરોડ થયો

મુંબઈ, તા. ૧૩ ફેબ્રુઆરી

હિન્દુસ્તાન યુનિલીવર લિ.નો ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં એકત્રિત ચોખ્ખો નફો બમણાથી અધિક વધીને રૂા.૬૬૦૭ કરોડનો થયો હતો. વિશિષ્ટ બાબતોને બાદ કરતાં ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે એક ટકો વધીને રૂા.૨૫૬૨ કરોડનો થયો હતો. કંપનીના આઈસક્રીમના બિઝનેસને ડીમર્જ કરવામાં આવતાં તેના એકત્રિત ચોખ્ખા નફામાં માતબર વધારો થયો હતો.

કંપનીનું વેચાણ સૂચિત ગાળામાં ચાર ટકા વધ્યું હતું, કંપનીનું ચોખ્ખું વેચાણ ૫.૬ ટકા વધીને રૂા.૧૬,૪૪૧ કરોડનું થયું હતું. ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં માગમાં સુધારાના પ્રાથમિક સંકેત મળવાની સાથે નીતિવિષયક પગલાંનો પણ લાભ કંપનીને મળ્યો હોવાનું કંપનીએ તેના એક્સચેન્જને કરેલા ફાઈલિંગમાં જણાવ્યું છે.

કંપનીના એમડી અને સીઈઓ પ્રિયા નાયરના જણાવ્યા અનુસાર કંપનીએ સ્પર્ધાત્મક દેખાવ કર્યો છે જેમાં વેચાણમાં છ ટકા અને વૉલ્યુમમાં વાર ટકાની વૃદ્ધિ નોંધાવી છે.

કંપનીની વ્યાજ, વેરા, ઘસારા અને કરજના હપ્તાની ચુકવણી પહેલાંની (ઈબિટ્ડા) આવક વાર્ષિક ધોરણે ત્રણ ટકા વધીને રૂા.૩૭૮૮ કરોડની થઈ હતી જ્યારે ઈબિટ્ડા માર્જિન અપેક્ષા મુજબ ૨૩.૩ ટકા રહ્યા હતા.

એફએમસીજી ક્ષેત્રની આ માર્કેટ લીડર કંપનીએ તેના વેલ બીઈંગ ન્યુટ્રિશન બિઝનેસનો ૧૯.૮ ટકા હિસ્સો યુએસવી પ્રા.લિ.ને રૂા.૩૦૭ કરોડમાં વેચવાની ઘોષણા કરી છે જ્યારે ઝાઈવી વેન્ચર પ્રા.લિ.(ઓઝિવા)ને રૂા.૮૨૪ કરોડમાં સંપૂર્ણ ૧૦૦ ટકા હિસ્સા સાથે હસ્તગત કરવાની કંપનીએ જાહેરાત કરી છે.

## કોટક ફ્લેક્સીકૅપ ફંડે શરૂઆતથી અત્યાર સુધીમાં ૧૬.૫૯ ટકા સીએજીઆર નોંધાવ્યો

કોટક મહિન્દ્ર એસેટ મૅનેજમેન્ટ કંપની લિ.ની કોટક ફ્લેક્સીકૅપ ફંડે કામગીરીનાં ૧૫ વર્ષ પૂરાં કર્યાં છે. આ સ્કીમે શરૂઆતથી જ ૧૬.૫૯ ટકાનો સીએજીઆર નોંધાવ્યો છે અને બજારની વિવિધ સ્થિતિમાં લાંબા ગાળાના મજબૂત પર્ફોર્મન્સનો રેકૉર્ડ બનાવ્યો છે.

કોટક મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપની લિ.ના મૅનેજિંગ ડિરેક્ટર નીલેશ શાહે જણાવ્યું કે 'કોટક ફ્લેક્સીકૅપ ફંડનાં ૧૫ વર્ષની સફર અમારા માટે અને ફંડ પ્રત્યે પ્રતિબદ્ધ રહેલા રોકાણકારો માટે ગર્વની ક્ષણ છે. કેટેગરી તરીકે ફ્લેક્સીકૅપ દ્વારા રોકાણકારો ભારતના વિકાસમાં સહભાગી થઈ શકે છે અને માર્કેટ કૅપિટલાઈઝેશનમાં ફાળવણીના નિર્ણયો અનુભવી રોકાણ ટીમ પર છોડી દે છે તેથી તે મહત્વપૂર્ણ છે.'

૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં, કોટક ફ્લેક્સીકૅપ ફંડ ડાયરેક્ટ પ્લાન - ગ્રોથ ઓપ્શને ૧૦ વર્ષમાં ૧૫.૭૦ ટકા સીએજીઆર અને ૫ વર્ષમાં ૧૬.૮૭ સીએજીઆર નોંધાવ્યો છે. આ ફંડનું સંચાલન કોટક મહિન્દ્રા એએમસીના સીઆઈઓ હર્ષ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવે છે, જેમની ફિલોસોફી ટકાઉ કમાણી, મજબૂત શાસન અને મૂડી કાર્યક્ષમતામાં રહેલી છે.

હર્ષ ઉપાધ્યાયે જણાવ્યું કે 'અમારું ધ્યાન હંમેશાં ટૂંકા ગાળાના વલણોનો પીછો કરવાને બદલે ઊંડા સંશોધન દ્વારા સમર્થિત સ્ટોક પસંદગી પર રહ્યું છે. આ અભિગમથી ફંડ ભારતના વિકાસમાં અર્થપૂર્ણ રીતે ભાગ લે છે, જ્યારે રોકાણકારો માટે સતત લાંબા ગાળાનાં પરિણામો આપવાનું લક્ષ્ય રાખે છે.'

ફ્લેક્સીકૅપ ફંડ્સ લાર્જ, મિડ અને સ્મૉલકૅપ સેગમેન્ટમાં રોકાણ દ્વારા બજારના વાતાવરણમાં ચપળતા પ્રદાન કરે છે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં કોટક ફ્લેક્સીકૅપ ફંડ લાર્જ કૅપમાં લગભગ ૭૩ ટકા, મિડકૅપમાં ૧૯ ટકા અને સ્મૉલકૅપમાં ૫ ટકા હિસ્સો ધરાવે છે. પોર્ટફોલિયો ટોપ-ડાઉન સેક્ટર વ્યૂને બોટમ-અપ સ્ટોક પસંદગી સાથે ફાઈનાન્શિયલ સર્વિસીસ, ઓટોમોબાઈલ અને ઑટો કૉમ્પોનન્ટ્સ, કેપિટલ ગુડ્સ, કેમિકલ્સ, કન્સ્ટ્રક્શન મટિરિયલ્સ અને કન્ઝ્યુમર સર્વિસીસમાં મુખ્ય રોકાણ સાથે મિશ્રિત કરે છે. ફંડનો સંશોધન-આધારિત અભિગમ મજબૂત મૂલ્યાંકન અને કમાણીની દ્રશ્યતા દ્વારા સમર્થિત લાંબા ગાળાની તકોને ઓળખવામાં મદદ કરે છે.

## ટૂંકી જાહેરખબર

### સેવાઓ

**સિનિયર સિટિઝન**

રોજના ૮૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં) (000939)

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મૅનેજર

## ચાર્ટવાણી



**કેઈન્સ ટેક્નૉલૉજી : ખરીદો** ટાર્ગેટ : ₹ ૫૦૦૦ (૨૯.૩૦ ટકા)

**ભલામણ વેળાનો ભાવ : ₹ ૩૮૬૭** સ્ટોપલોસ : ₹ ૩૫૦૦ (૯.૪૫ ટકા)

કેઈન્સ ટેક્નૉલૉજીનો શૅર રૂા. ૭૭૦૦ સ્તરથી સારો એવો ઘટ્યો હતો. હવે એ સ્થિર થયો છે. તેને રૂા. ૩૩૫૦ના સ્તર નજીક સારો સપોર્ટ મળી રહ્યો છે. ભાવ રૂા. ૩૫૬૦ના સ્તરે મહત્ત્વના ૧૦૦ પિરીયડ એમએથી આગળ નીકળી ગયો છે. ભાવ આવનારા દિવસોમાં હજી વધે એવી ધારણા છે. શૅરના આરએસઆઈ (રિલેટીવ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ) ઓવરસોલ્ડ ઝોનમાંથી બહાર નીકળે એવા સંકેત છે જે વલણ બદલાયું હોવાના સંકેત છે. શૅર ટેક્નિકલી સારો દેખાય છે. તેથી અહીં આપેલા ટાર્ગેટને ધ્યાનમાં રાખીને આ શૅર ખરીદવાની ભલામણ છે.



**એનસીસી લિ. : ખરીદો** ટાર્ગેટ : ₹ ૧૮૦ (૧૫.૩૮ ટકા)

**ભલામણ વેળાનો ભાવ : ₹ ૧૫૬**

એનસીસી લિ.નો શૅર પહેલા ઘણો ઘટ્યો. હવે એણે રૂા. ૧૪૦ના સ્તર નજીક સપોર્ટ લીધો છે અને વલણ પણ સુધર્યું છે. ચાર્ટમાં પોઝિટિવ કેન્ડલ રચાવાની સાથે વોલ્યુમ પણ વધ્યું છે. ટેક્નિકલ સૂચકાંકો જોતાં અમે ભાવ હજી વધે એવી સંભાવના જોઈ રહ્યા છીએ. આવનારા દિવસોમાં ભાવ વધતો જોવાશે. તેથી આ શૅર અહીં આપેલા ટાર્ગેટને ધ્યાનમાં રાખીને ખરીદવાની ભલામણ છે.

- વૈશાલી પારેખ, પ્રભુદાસ લીલાધર

BANCO

# BANCO PRODUCTS (I) LIMITED

**Regd. Office :** Bil, Near Bhaili Rly. Station, Padra Road, Dist. Vadodara - 391 410. Tel. No.: (0265) 2318226

**CIN NO:- L51100GJ1961PLC001039,** Website :- www.bancoindia.com, E-mail:- investor@bancoindia.com

**EXTRACT OF STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED 31ST DECEMBER 2025**

(Rs. in Lakhs)

| Particulars | Standalone | | | | | | Consolidated | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Quarter ended 31.12.2025 (Unaudited) | Quarter ended 30.09.2025 (Unaudited) | Quarter ended 31.12.2024 (Unaudited) | Nice Months ended 31.12.2025 (Unaudited) | Nine Months ended 31.12.2024 (Unaudited) | Previous Year ended 31.03.2025 (Audited) | Quarter ended 31.12.2025 (Unaudited) | Quarter ended 30.09.2025 (Unaudited) | Quarter ended 31.12.2024 (Unaudited) | Nine Months ended 31.12.2025 (Unaudited) | Nine Months ended 31.12.2024 (Unaudited) | Previous Year ended 31.03.2025 (Audited) |
| Total income from Operations | 30,559 | 39,664 | 29,238 | 101,461 | 83,874 | 124,902 | 79,864 | 109,672 | 64,434 | 287,921 | 236,210 | 325,554 |
| Net profit /(loss) for the period (before tax, exceptional and/or extra ordinary items) | 4,147 | 14,926 | 7,102 | 25,445 | 15,920 | 31,121 | 10,084 | 17,470 | 3,894 | 43,979 | 34,454 | 53,421 |
| Net profit /(loss) for the period before tax (after exceptional and/or extra ordinary items) | 4,147 | 14,926 | 7,102 | 25,445 | 15,920 | 31,121 | 11,899 | 17,470 | 3,894 | 45,794 | 34,454 | 53,421 |
| Net profit /(loss) for the period after tax (after exceptional and/or extra ordinary items) | 3,129 | 13,777 | 6,320 | 21,696 | 12,893 | 26,626 | 8,583 | 13,890 | 3,093 | 33,425 | 23,830 | 39,180 |
| Total Comprehensive Income for the period (Comprising Profit/(Loss) for ther period (after tax) and Other Comprehensive Income (after tax) | 3,129 | 13,777 | 6,320 | 21,696 | 12,893 | 26,570 | 10,234 | 16,755 | 3,917 | 43,395 | 26,140 | 40,867 |
| Equity Share Capital | 2,861 | 2,861 | 2,861 | 2,861 | 2,861 | 2,861 | 2,861 | 2,861 | 2,861 | 2,861 | 2,861 | 2,861 |
| Reserves (excluding Revaluation Reserve as shown in the Audited Balance Sheet of previous year). | Rs.82,144/-Lakhs as on 31st March 2025 | | | | | | Rs.1,27,368/- Lakhs as on 31st March 2025 | | | | | |
| Earning per share (of Rs. 2 /- each) (for continuing and discontinuing operations)- | | | | | | | | | | | | |
| Basic and Diluted Earning per Share (before Exceptional items) | 2.19 | 9.63 | 4.42 | 15.17 | 9.01 | 18.61 | 4.73 | 9.71 | 2.16 | 22.10 | 16.66 | 27.39 |
| Basic and Diluted Earning per Share (after Exceptional items) | 2.19 | 9.63 | 4.42 | 15.17 | 9.01 | 18.61 | 6.00 | 9.71 | 2.16 | 23.37 | 16.66 | 27.39 |

**Notes :** (1) The above is an extract of the detailed format of the Unaudited Financial Results of the Company for the Quarter and Nine Months ended 31st December,2025 filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarter and Nine Months ended on 31st December, 2025 are available on the website of BSE Limited at www.bseindia.com, National Stock Exchange of India Limited at www.nseindia.com and on the website of the Company at www.bancoindia.com.

Place : Vadodara
Date : 12.02.2026

For Banco Products (India) Limited
**(Mehul K. Patel)**
Chairman